# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૩/ક્વા-૪/૧૮-૧૯/૫૩૮૪–૨** તા.૦૮–૦૮–૧૯

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૩/ક્વા-૪/૧૮-૧૯

અરજદાર: **અશોકભાઈ ભીખુભાઇ દેવગણીયા** ગામ: **જસદણ**
રજૂઆત કરનાર: **અરજદાર અશોકભાઈ ભીખુભાઇ દેવગણીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જસદણ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.પનારા - પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જસદણ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૩૦-૦૭-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેઈસ ની સુનાવણી અગાઉ તા.૦૪–૦૬–૧૯ અને તા.૦૫–૦૭–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી. સદર બન્ને મીટીંગોની સુનાવણી દરમ્યાન અરજદાર હાજર રહેલ ન હતા. ત્યારબાદ, સદર કેઈસ ની સુનાવણી તા.૩૦–૦૭–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ હતા. જયારે પીજીવીસીએલ પક્ષકારના સબંધક અધિકારી સુનાવણીની તમામ મીટીંગોની તારીખોમાં હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર અશોકભાઈ ભીખુભાઇ દેવગણીયા ગામ:જસદણ તેઓની અરજી ના નોંધણી નંબર :૭૩/ક્વા–૪/૨૦૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓનુ મીટર તા.૨–૯–૧૭ ના રોજ બદલાવાયેલ – જેનુ લેબ પરીક્ષણ જુનાગઢ ખાતે કરાયેલ હતુ, જેના રીપોર્ટ મુજબ મીટર સ્લો આવેલ હોવાથી તા.૧૭–૦૩–૧૮ ના રોજ સ્લો મીટર નુ બીલ અપાયેલ છે, જે અયોગ્ય હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે,પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- જસદણ વિભાગીય કચેરી તાબાની જસદણ પેટા વિભાગીય કચેરી ના અરજદાર શ્રી અશોકભાઇ ભીખુભાઈ દેવગણીયા,શ્રી ગણેશ આઇસફેક્ટરી,આટકોટ રોડ , કામદાર મિલ સામે , તા જસદણ, ૩૬૦૦૫૦,જી. રાજકોટ, સદર અરજદાર શ્રીને સ્લો મીટર નું બિલ યોગ્ય ન લાગવા અંગે CGRF માં તારીખ ૨૫/૦૩/૨૦૧૯ ના રોજ રજૂઆત કરેલ છે.

૩.૧ શ્રી અશોકભાઈ ભીખુભાઈ દેવગણીયા જેનો ગ્રાહક નંબર ૩૪૯૦૧/૦૯૯૫૧/૫, ટેરીફ NRGP અને લોડ 38.5 KW છે. સદર અરજદાર નું મીટર તા. ૦૨/૦૯/૨૦૧૭ નાં રોજ બદલવામાં આવેલ હતું, ત્યારબાદ તા. ૧૯/૦૨/૨૦૧૮ નાં રોજ જુનાગઢ લેબ ખાતે ગ્રાહક ની હાજરી માં મીટર ખોલવામાં આવેલ જે દરમિયાન મીટર ને એક Y ફેઝ ની PT ની CONTINUTI ન મળતી હોવાના કારણે મીટર 33.33% સ્લો હોવાનું લેબ ચકાસણી દરમિયાન માલુમ પડેલ આ આ અંગે જરૂરી MRI કાઢવામાં આવેલ હતો જે MRI નો અભ્યાસ કરતા તેમાં PT ક્યારથી મળેલ ન હતી તે સ્પષ્ટ થઇ શકેલ નહિ જેના કારણે ગ્રાહકને GERC ના સપ્લાય કોડ મુજબ 33.33% નું ૬ માસ નું બિલ ગણી રૂ. ૨૨૮૪૪૭.૮૨ નું તા. ૧૭/03/૨૦૧૮ નાં રોજ પુરવણી બિલ આપવામાં આવેલ હતું.

૩.૨ સદર અરજદાર અશોકભાઈ ભીખુભાઈ દેવગણીયા દ્વારા તારીખ ૨૨/03/૨૦૧૯ ના રોજ રસીદ નંબર VB131117 થી રૂ. ૪૯,૦૦૦/- ભરેલ છે. તારીખ ૨૬/03/૨૦૧૯ ના રોજ રસીદ નંબર VB131824 થી રૂ. ૫૦,૦૦૦/- ભરેલ છે.તારીખ 30/03/૨૦૧૯ ના રોજ રસીદ નંબર VB132737 થી રૂ. ૫૦,૦૦૦/- ભરેલ છે.અને તારીખ 30/0૪/૨૦૧૯ ના રોજ રસીદ નંબર 459015 થી રૂ. ૫૦,૦૦૦/- ભરેલ છે. આમ, અરજદાર દ્વારા કુલ રૂ ૧,૯૯,૦૦૦/-ભરપાઈ કરેલ છે અને બિલ પેટે હાલ રૂ. ૨૯,૪૪૭.૮૨/- બાકી છે, આમ ગ્રાહક ને આપવામાં આવેલ બિલ નિયમ અનુસાર બરાબર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર અશોકભાઈ ભીખુભાઈ દેવગણીયા જેનો ગ્રાહક નંબર ૩૪૯૦૧/૦૯૯૫૧/૫, ટેરીફ NRGP અને લોડ 38.5 KW મુજબ નું છે. સદર અરજદાર ના વીજ જોડાણ ની સર્વિસ બળી જવાની ફરિયાદ ના આધારે – એમ. એમ. બી. સહીત મીટર તા. ૦૨/૦૯/૨૦૧૭ નાં રોજ અરજદાર ની હાજરી માં બદલાવી ને વીજ જોડાણ ચાલુ કરી આપેલ હતું, સદર મીટર ની ચકાસણી બાબતે અરજદાર ને તા. ૦૭/૧૨/૨૦૧૭, તા. ૧૯/૦૨/૨૦૧૮ ના રોજ હાજર રહેવા જાણ કરેલ હતી. ત્યારબાદ તા. ૧૯/૦૨/૨૦૧૮ નાં રોજ જુનાગઢ લેબ ખાતે ગ્રાહક ની હાજરી માં મીટર ખોલવામાં આવેલ. મીટર ટેસ્ટીંગ રીપોર્ટ મુજબ – સદર મીટર ના ટર્મીનલ બ્લોક નુ વાયરીંગ યોગ્ય છે, પરંતુ – સદર મીટરમાં એક Y ફેઝ ની PT ની CONTINUTI ન મળતી હોવાના કારણે સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ હતો, જે રીપોર્ટ મુજબ – આગળની કાર્યવાહી પીજીવીસીએલ ના નિયમ મુજબ કરવી.

૪.૨ જેનો અભ્યાસ કરી મીટર 33.33% સ્લો હોવાનું લેબ ચકાસણી દરમિયાન માલુમ પડેલ હતું. આ અંગે જરૂરી MRI કાઢવામાં આવેલ હતો જે MRI નો અભ્યાસ કરતા તેમાં PT ક્યારથી મળેલ ન હતી તે સ્પષ્ટ થઇ શકેલ નહિ જેના કારણે ગ્રાહકને GERC ના સપ્લાય કોડ મુજબ 33.33% નું ૬ માસ નું બિલ ગણી રૂ. ૨૨૮૪૪૭.૮૨ નું તા. ૧૭/03/૨૦૧૮ નાં રોજ પુરવણી બિલ આપવામાં આવેલ હતું.

૪.૩ અરજદારના સદર મીટરની ચકાસણી દરમ્યાન તેની ગતિ મર્યાદામાં ઉદ્ભવેલ ક્ષતિના કારણોસર મીટરની એક્યુરેસી ટેસ્ટ મુજબ પ્રાપ્ત થયેલ મીટરની વિગતને ધ્યાને લઈ Supply Code Regulation કલમ ૬.33 મુજબ જ લેબ રીપોર્ટ મુજબ વિવાદીત મીટર – 33.33% ઓછી એનર્જી રેકોર્ડ કરે છે. જેથી, ૦૬ માસ ની મુદત પ્રમાણેપુરવણીબીલ બનાવેલ જે કંપની ના નિયમાધીન યોગ્ય છે. જે અરજદારે ભરપાઈ કરવાનુ રહેશે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯